Extra No. 130

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, MAY 07, 2026 / VAISAKHA 17, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો: કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ(ઉ.ગુ.)ના તા.૨૯/૦૪/૨૦૨૬ના પત્ર નં. પરીક્ષા/સંચાલન/૯૨૫/૨૦૨૬

આદેશ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું

નં.:ડીસી/પીઓએલ-૨/પરીક્ષા/જાહેરનામું/વશી/૬૮૧/૨૦૨૬ - આમુખના પત્રની વિગતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ધ્વારા એપ્રિલ-૨૦૨૬ના ગાળામાં લેવાનાર પરીક્ષા તા.૦૨/૦૫/૨૦૨૬ના રોજ શરૂ થનાર છે. જેથી અત્રેના સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા યોજાનાર હોઈ જિલ્લાની ભૌગોલીક પરિસ્થિતિને ધ્યાને લેતાં અત્રેના જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ શાળાઓ/કોલેજો ખાતે લેવાનાર પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, તેમજ વિશ્વસનીયતાનું વાતાવરણ સર્જાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને પરીક્ષાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તથા કોઈ ખલેલ ન પડે તે હેતુસર તેમજ વિજ પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળોએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે. હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે -

પ્રતિબંધિત વિસ્તાર અને સમય

સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ધ્વારા પરીક્ષા યોજાનાર હોઈ તા.૦૨/૦૫/૨૦૨૬ થી તા.૧૬/૦૫/૨૦૨૬ સુધી પરીક્ષા સમયગાળા દરમિયાન નીચેની સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

પ્રતિબંધિત કૃત્યો

(૧) સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટવોચ કે સ્માર્ટપેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ અને અનઅધિકૃત લેખન સામગ્રી સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષાના કેન્દ્રોના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ ભેગું થવું નહી કે સૂત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા અન્ય પદાર્થ લઈ જવા નહીં.

(૩) પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટર સુધીની ત્રિજયામાં પરીક્ષા સમયગાળા સુધી ઝેરોક્ષ કે અન્ય કોપીયર મશીન ચાલુ રાખી શકાશે નહીં.

(૪) પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં પરીક્ષા સમય દરમ્યાન કેન્દ્રમાં સંભળાય તે રીતે માઈક/ મ્યુઝીક વગાડી શકાશે નહી.

(૫) પોલીસ અધિકારી/કર્મચારીના સગા અથવા સંતાનો તેઓને સોંપાયેલ પેટાકેન્દ્ર ખાતે પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તો તે સ્થળે તેઓ બંદોબસ્તની ફરજ બજાવી શકશે નહીં.

(૬) પોલીસ કર્મચારીઓ કોઈ અઘટિત ઘટના બને તે સિવાય પરીક્ષા કેન્દ્રના મકાનની અંદર જઈ શકશે નહીં.

(૭) પરીક્ષા કેન્દ્રોના કેમ્પસની અંદર પરીક્ષાની કામગીરી માટે નિમાયેલ અધિકૃત સ્ટાફ તથા પરીક્ષાર્થીઓ સિવાય અન્ય અનઅધિકૃત વ્યકિતઓ માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

(૮) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાય નહી તે માટે પરીક્ષાના દિવસે ખોદકામ(Digging) કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

અપવાદ :

પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ અધિકારીઓ/ કર્મચારીઓ તેમનો માન્ય અધિકૃત મોબાઇલ ફોન પરીક્ષા કેન્દ્રમાં લઈ જઈ શકશે. પરંતુ આવો મોબાઇલ ફોન પરીક્ષા ખંડની અંદર કે પરીક્ષા ખંડની બહારની લોબીમાં લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. આકસ્મિક કામગીરી સાથે સંકળાયેલ વ્યક્તિઓ પરીક્ષા કેન્દ્રના સંકુલમાં પ્રવેશવા માટે સક્ષમ ઓથોરીટીની મંજુરીથી પ્રવેશ કરી શકશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસેથી મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, કેલકયુલેટર, સ્માર્ટ વોચ કે સ્માર્ટ પેન કે તે પ્રકારના અન્ય કોઈ ઈલેકટ્રોનીકસ ગેઝેટસ, અનઅધિકૃત લેખન સામગ્રી જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ આદેશનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

SABARKANTHA DIST ALL EXAM CENTER

SR NO.	COLLEGE NAME	AT	TALUKO	DIST
1	શ્રી એમ.એસ.મહેતા આર્ટસ અને શ્રી એમ.એમ.પટેલ કોમર્સ કોલેજ	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
2	મહિલા આર્ટસ કોલેજ , વિદ્યાનગરી	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
3	શ્રી સર્વોદય નાગરિક સહકારી બેંક લિ. મહિલા આર્ટસ કોલેજ, મદ્રેસા	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
4	પ્રોમોર કોઓપરેશન બી.એડ. કોલેજ	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
5	પ્રોમોર કોઓપરેશન બી.સી.એ કોલેજ	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
6	પ્રોમોર ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજ	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
7	પ્રોમોર કોઓપરેશન આર્ટસ અને કોમર્સ કોલેજ ,મેરડા	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
8	પ્રોમોર ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ બી.જી.ડી.સી.એ. કોલેજ, મેરડા	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
9	શ્રી ડી.એલ.પટેલ ઈન્સ્ટી. ઓફ મેનેજ. એન્ડ ટેકનોલજી બી.સી.એ કોલેજ ,વિદ્યાનગરી	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
10	ડી.એલ.પટેલ કોમર્સ કોલેજ,વિદ્યાનગરી	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
11	શ્રી ડી.એલ.પટેલ આયન્સ કોલેજ, (વિદ્યાનગરી)	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
12	લૉ કોલેજ,હિંમતનગર	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
13	એમ.ડી પટેલ લૉ કોલેજ,હિંમતનગર (વિદ્યાનગરી)	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
14	પાટકરમા એમ.એસ.ડબ્લ્યુ કોલેજ, હિંમતનગર (વિદ્યાનગરી)	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
15	એચ.એન.એચ.બી. આયન્સ કોલેજ	હિંમતનગર	હિંમતનગર	સા.કાં
16	એસ.એચ.જાખી અને બી.કે.જોષી આર્ટસ કોલેજ	બામણા	હિંમતનગર	સા.કાં
17	સરકારી આર્ટસ-કોમર્સ કોલેજ	કડોલી	હિંમતનગર	સા.કાં
18	અરવલ્લી આયન્સ કોલેજ	વીરાવાડા	હિંમતનગર	સા.કાં
19	અરવલ્લી એજ્યુકેશન કોલેજ	વીરાવાડા	હિંમતનગર	સા.કાં
20	સમાજકાર્ય મહાવિદ્યાલય MSW કોલેજ	સલાલ	હિંમતનગર	સા.કાં
21	આઈ.એ.પી.એચ.કે.એમ. આર્ટસ એન્ડ પી.એન.પટેલ કોમર્સ કોલેજ	ઈડર	ઈડર	સા.કાં
22	આઈ.એન.એસ.બી. ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફરમેશન ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ બી.સી.એ. કોલેજ અને અરવલ્લી કોલેજ ઓફ કોમ્પ્યુટર હાયર એજ્યુકેશન (પી.જી.ડી.સી.એ.)	ઈડર	ઈડર	સા.કાં
23	તલકચંદ ધ્યાચંદ શાહ મહિલા આર્ટસ કોલેજ	ઈડર	ઈડર	સા.કાં
24	સરકારી આયન્સ કોલેજ	ઈડર	ઈડર	સા.કાં
25	પ્રયાગ બી.સી.એ કોલેજ,પાનોલ	પાનોલ	ઈડર	સા.કાં
26	દિવ્ય ચેતના બી.સી.એ.કોલેજ	ભેટાલી	ઈડર	સા.કાં
27	દિવ્ય ચેતના એમ.એસ.ડબ્લ્યુ કોલેજ	ભેટાલી	ઈડર	સા.કાં
28	સરકારી આર્ટસ કોમર્સ કોલેજ	જાદર	ઈડર	સા.કાં
29	કોલેજ ઓફ એજ્યુકેશન	દરામલી	ઈડર	સા.કાં

30	મદીનતુલ ઈલ્મ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,	કીશોરગઢ	ઈડર	સા.કાં
31	બી.એડ. કોલેજ	ઈડર	ઈડર	સા.કાં
32	દિવ્ય ચેતના કોલેજ ઓફ એજયુકેશન	ભેટાલી	ઈડર	સા.કાં
33	ડી.ડી.ઠાકર આર્ટસ અને કે.જે.પટેલ કોમર્સ કોલેજ	ખેડબ્રહ્મા	ખેડબ્રહ્મા	સા.કાં
34	રામજીબાપા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્રેવિટી કોલેજ,ગુદેલ	ગુદેલ	ખેડબ્રહ્મા	સા.કાં
35	એકતા કોલેજ ઓફ એજયુકેશન	નવી મેત્રાલ	ખેડબ્રહ્મા	સા.કાં
36	આર્ડેકતા ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ	નવી મેત્રાલ	ખેડબ્રહ્મા	સા.કાં
37	આર્ટસ કોલેજ	વિજયનગર	વિજયનગર	સા.કાં
38	આર્ટસ કોલેજ	અંદ્રોખા	વિજયનગર	સા.કાં
39	શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ અને કોમર્સ કોલેજ	પ્રાંતિજ	પ્રાંતિજ	સા.કાં
40	ચિત્રિણી આર્ટસ કોલેજ, પ્રાંતિજ	પ્રાંતિજ	પ્રાંતિજ	સા.કાં
41	ચિત્રિણી નર્સિંગ કોલેજ,પ્રાંતિજ	જુના બાકરપુરા	પ્રાંતિજ	સા.કાં
42	વી.એસ.રાવલ કોલેજ ઓફ એજયુકેશન,પ્રાંતિજ	પ્રાંતિજ	પ્રાંતિજ	સા.કાં
43	સાબર ગ્રામ સેવા મહાવિદ્યાલય	સોનાસણ	પ્રાંતિજ	સા.કાં
44	આર્ટસ કોલેજ	રાજેન્દ્રનગર	રાજેન્દ્રનગર	સા.કાં
45	આર્ટસ કોલેજ	વડાલી	વડાલી	સા.કાં
46	એશીયન એમ.એસ.ડબલ્યુ કોલેજ,વડાલી	વડાલી	વડાલી	સા.કાં
47	આર્ટસ અને કોમર્સ કોલેજ	તલોદ	તલોદ	સા.કાં
48	શ્રીમતી એસ.એમ.પંચાલ સાયન્સ કોલેજ	તલોદ	તલોદ	સા.કાં
49	આર્શીવાદ નર્સિંગ કોલેજ ,ઘડી	ઘડી	તલોદ	સા.કાં

સ્નાતક સેમેસ્ટર–૨ કક્ષાની પરીક્ષાઓ

Sr. No	Name of Examination	Date of Examination	End of Examination Date
1	B.A. Semester – II	02-05-26	11-05-26
2	Bachelor of Fine Arts Semester – II	02-05-26	08-05-26
3	B.Sc. Semester – II (Govt. & Granted Colleges)	02-05-26	15-05-26
4	B.Sc. Semester – II (Self Finance Colleges)		
5	B.Com. Semester – II	02-05-26	11-05-26
6	B.B.A. Semester – II	02-05-26	11-05-26
7	B.C.A. Semester – II	02-05-26	08-05-26
8	B.R.S. Semester – II	02-05-26	11-05-26
9	B.S.W. Semester – II	02-05-26	08-05-26
10	B.Ed. Semester – II	02-05-26	06-05-26
11	SP. B.Ed. Semester – II	02-05-26	06-05-26
12	LL.B. Semester – II	02-05-26	07-05-26
13	B.A. B.Ed Semester – II (Four Years Integrated)	02-05-26	13-05-26
14	B.SC. B.Ed Semester – II (Four Years Integrated)	02-05-26	13-05-26
15	Bachelor in Performing Arts Sem-2	02-05-26	06-05-26

અનુસ્નાતક સેમેસ્ટર–૨ કક્ષાની પરીક્ષાઓ			
16	M.A. Semester – II	02-05-26	07-05-26
17	M.A. Fine arts Semester – II (Painting)	02-05-26	05-05-26
18	M.Com. Semester –II	02-05-26	07-05-26
19	M.Sc. Semester – II	02-05-26	07-05-26
20	M.B.A. Semester – II	02-05-26	11-05-26
21	LL.M. Semester – II	02-05-26	06-05-26
22	M.S.W. Semester – II	02-05-26	06-05-26
23	M.R.S. Semester – II	02-05-26	07-05-26
24	M.Ed. Semester – II	02-05-26	06-05-26
25	M.J.M.C Semester – II	02-05-26	07-05-26
26	Master of Hospital Management Semester – II	02-05-26	12-05-26
27	P.G.D.C.A. Semester – II (New Course June-2017)	02-05-26	06-05-26
28	P.G.D.M.L.T Sem–II (1-Year)	02-05-26	06-05-26
29	B.VOC SEM – II	12-05-26	16-05-26
30	M.VOC SEM – II	12-05-26	16-05-26

આજ તા.૦૨ મે, ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે,

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:53:06 IST